**મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના**

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૧૪/ યુઓઆર- ૬/સ
તા. 03/0૮/૨૦૧૮.

**વંચાણે લીધા:**

(૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્ર:પરચ/૧૦૨૦૧૪/યુઓઆર-૬/સ તા. ૦૭/૧૦/૨૦૧૫.
(૨) શિક્ષણ વિભાગના ઠરાવ ક્ર:પરચ/૧૦૨૦૧૪/યુઓઆર-૬/સ તા ૦૪/૦૬/૨૦૧૬.

**આમુખ:-**

રાજ્યના ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માંગતા તેજસ્વી અને જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓની કારકિર્દીના ઘડતર માટે આર્થિક સહાય તેમજ અન્ય સવલતો સમાન ધોરણે મળી રહે તે હેતુથી વંચાણે લીધેલ ઠરાવ (૧) થી શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬ થી 'મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના' અમલમાં મુકવામાં આવેલ છે.

મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત વાર્ષિક રૂ.૬.૦૦ લાખ સુધીની આવક ધરાવતા વાલીઓના સંતાનો સહાય મેળવવા માટે લાયક ગણાય છે. કેટલાક વાલીઓ તરફથી શિક્ષણ વિભાગને એવી રજૂઆત કરવામાં આવેલ છે કે મિલકત વેચાણ કે વિમાનો કલેઈમ પાકવાના કારણે કોઈ એક વર્ષ પૂરતો આવકમાં હંગામી વધારો થવાને કારણે આવક રૂ.૬.૦૦ લાખની મર્યાદાથી વધી જવા પામે છે. આથી આવા પરિવારના વિદ્યાર્થીને પ્રસ્તુત યોજના અંતર્ગત ફી માફીનો લાભ મળવો જોઈએ.

ઉપર્યુક્ત કારણોસર આવકમાં થતો વધારો જે તે વર્ષ પૂરતો હંગામી વધારો હોય છે, તેવી આવક તે નિયમિત આવક નથી. વાલીઓની ઉક્ત રજૂઆતનો વ્યવહારિક રીતે અભ્યાસ કરતાં, તે રજૂઆત યોગ્ય જણાતી હોઈ, આવા કિસ્સાઓમાં એક વર્ષ પૂરતો આવકમાં થયેલ વધારો ક્ષમ્ય ગણીને, ફી માફીનો લાભ અપવાદ તરીકે આપવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી.

**સુધારા ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે, મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત, જયારે કોઇ વ્યકિતની સામાન્ય રીતે આવક, રૂા. ૬.૦૦ લાખની અંદર હોય, પણ જે તે વર્ષમાં એમ.વાય.એસ.વાયમાં અરજી કરેલ હોય, તે વર્ષમાં મિલકતના વેચાણ અથવા વિમાના કલેઇમ મળવાના કારણે, આવક વધે, તેવા કિસ્સાઓમાં રૂા. ૧૧.૦૦ લાખ સુધીની એટલે કે, આવક મર્યાદા કરતાં રૂા.૫.૦૦ લાખ વધુ આવક હોય તેવા કિસ્સામાં એમ.વાય.એસ.વાય સહાય મળવાપાત્ર રહેશે. આ લાભ ફકત એક જ વર્ષ માટે અપાશે. બીજા વર્ષે રીન્યુઅલ વખતે રૂા.૬.૦૦ લાખની મર્યાદા એટલે કે સામાન્ય મર્યાદા રૂા. ૬.૦૦ લાખ જ તેમને લાગુ પડશે. આકસ્મિક આવકનો લાભ બીજા વર્ષે આપી શકાશે નહીં અને જો બીજા વર્ષની આવક, નિયત મર્યાદા કરતાં વધુ હોય તો, એમ.વાય.એસ.વાય. યોજનાનો લાભ મળવાપાત્ર(Renew) થશે નહીં.

ઉપર જણાવેલ સુધારાઓનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ થી કરવાનો રહેશે. વંચાણે લીધા ક્રમ(૧) અને (૨) સામે દર્શાવેલા આ વિભાગના ઠરાવોની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૧૬/૦૭/૨૦૧૮ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.પી.મોનપરા)
ઉપ સચિવ( ટે.શિ.)
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- નામ. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, માન. મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ)ના અંગત સચિવશ્રી, સચિવાલય
- માન. મંત્રીશ્રી (નાણાં) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (મહેસુલ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (આદિજાતિ વિકાસ) ના અંગત સચિવશ્રી, સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (કૃષિ,સહકાર અને પશુપાલન) ના અંગત સચિવશ્રી, સચિવશ્રી, સચિવાલય
- માન. રા.ક. મંત્રીશ્રી (ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય,
- માન. રા.ક. મંત્રીશ્રી (પ્રાથમિક શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, (નાણાં) નાણાં વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, (આરોગ્ય) આરોગ્ય વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, (ઉચ્ચ અને ટેક. શિક્ષણ) શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (મહેસૂલ) મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (ખેતી, સહકાર) કૃષિ, સહકાર અને પશુપાલન વિભાગ સચિવાલય
- સચિવશ્રી, (શિક્ષણ) શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (આદિજાતિ વિકાસ વિભાગ), સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (આ.બા.) નાણાં વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ) નાણાં વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

કમિશનરશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

- કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, કે.સી.જી., અમદાવાદ
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- ડાયરેક્ટરશ્રી, નેશનલ ઇન્ફર્મેટીક્સ સેન્ટર (એન.આઇ.સી.), ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ / રાજકોટ.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ના.સે.અધિ. સિલેક્ટ ફાઇલ.